Annexure - C

(30)

# ગુજરાત સરકાર

ક્ર: જીયુવી-૧૨-૨૦૨૨-૫૧૫-ક
ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ,
બ્લોક નં. ૫, ૫મો માળ, સરદાર ભવન,
સચિવાલય, ગાંધીનગર.
તા. - 2 MAY 2023

પ્રતિ,

(૧) અધિક મુખ્ય સચિવશ્રી(કૃષિ વિભાગ), બ્લોક નં ૫, બીજો માળ, સચિવાલય, ગાંધીનગર.
(૨) અધિક મુખ્ય સચિવશ્રી(નાણાં વિભાગ), બ્લોકનં ૪, ૫મો માળ, સચિવાલય, ગાંધીનગર.
(૩) સચિવશ્રી (પશુપાલન), બ્લોક નં ૫, ૨જો માળ, સચિવાલય, ગાંધીનગર.
(૪) સચિવશ્રી (સિંચાઇ), બ્લોક નં ૯, ૨જો માળ, સચિવાલય, ગાંધીનગર.
(૫) મેનેજિંગ ડિરેકટરશ્રી, જી.યુ.એન.વી.એલ., રેસ કોર્સ, વડોદરા.
(૬) શ્રી આર. કે. પટેલ, કિસાન સંઘના પ્રતિનિધિ, મુ.પો. લોદરા, તા. માણસા, જી.ગાંધીનગર.
(૭) શ્રી શામજીભાઇ મયાત્રા, કિસાન સંઘના પ્રતિનિધિ, મુ.પો.અંજાર, જી. કચ્છ.

**વિષય :** ભારતીય કિસાન સંઘના પડતર પ્રશ્નોના નિરાકરણ માટે રચાયેલ ઉચ્ચ સ્તરીય સમિતિની બેઠકની કાર્યવાહી નોંધ મોકલવા બાબત.

શ્રીમાન,

ઉપર્યુક્ત વિષયના અનુસંધાને જણાવવાનું કે, રાજ્ય સરકાર દ્વારા કિસાન સંઘના પડતર પ્રશ્નોના યોગ્ય નિરાકરણ અર્થે, રચવામાં આવેલ ઉચ્ચ સ્તરીય સમિતિની બેઠક માન. મંત્રીશ્રી- નાણા, ઉર્જા અને પેટ્રોકેમિકલ્સની અધ્યક્ષતામાં તા ૨૦.૦૨.૨૦૨૩ને સોમવારના રોજ યોજાયેલ. ઉક્ત બેઠકની કાર્યવાહી નોંધ જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે આ સાથે મોકલી આપવામાં આવે છે. જે આપને વિદિત થવા વિનંતી છે.

આપની વિશ્વાસુ

**(જૈમિની પટેલ)**
સેક્શન અધિકારી
ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ

બિડાણ: ઉપર મુજબ

**નકલ રવાના:**

(૧) માન.મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવશ્રી, માન.મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
(૨) માન.મુખ્યમંત્રીશ્રીના અધિક મુખ્ય સચિવશ્રી, માન.મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.

(૩) અંગત સચિવશ્રી, માન. મંત્રીશ્રી (નાણા, ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ)નું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.

(૪) અંગત સચિવશ્રી, માન. મંત્રીશ્રી (કૃષિ પશુ પાલન, ગૌસંવર્ધન, મત્સ્યોધોગ, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ)નું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.

(૫) અંગત સચિવશ્રી, માન. મંત્રીશ્રી (ઉધોગ, લઘુ, સૂક્ષ્મ, અને મધ્યમ ઉધોગ, કુટીર, ખાદી અને ગ્રામધોગ, નાગરિક ઉડ્ડયન, શ્રમ અને રોજગાર)નું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.

(૬) મુખ્ય સચિવશ્રીના અધિક સચિવશ્રી, બ્લોક નં ૧, પાંચમો માળ, સચિવાલય, ગાંધીનગર.

(૭) અગ્ર સચિવશ્રી(ઉર્જા અને પેટ્રોકેમિકલ્સં વિભાગ)ના અગ્ર રહસ્ય સચિવશ્રી, બ્લોક નં ૫, પમો માળ, સચિવાલય,ગાંધીનગર

(૮) અધિક સચિવશ્રી(ઉર્જા), ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૯) પસંદગી ફાઇલ.

ઉપેવિ-ક.

માન. મંત્રીશ્રી (ઉર્જા) ની અધ્યક્ષતામાં આજ તા.૨૦-૦૨-૨૦૨૩ ના રોજ સાંજે ૬.૦૦ કલાકે માન. મંત્રીશ્રી (ઉર્જા) ની ચેમ્બરમાં યોજાયેલ ભારતીય કિસાન સંઘના પડતર પ્રશ્નોના નિરાકરણ માટે રચાયેલ ઉચ્ચસ્તરીય સમિતિની પ્રથમ બેઠકની કાર્યવાહી નોંધ.

= = = = = = = = = = = = = = = = = = = = = = = = = = = = = = = = = = = = = = = = = = = = = = = = = = = = = = = = = = = = = =

બેઠકમાં નીચે મુજબના માન.મંત્રીશ્રી તેમજ અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

૧) શ્રી રાઘવજીભાઇ પટેલ, માન.મંત્રીશ્રી – કૃષિ, પશુપાલન, ગૌસંવર્ધન, મત્સ્યોદ્યોગ, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ.

૨) શ્રી બળવંતસિંહ રાજપુત, માન.મંત્રીશ્રી – ઉદ્યોગ, લઘુ, સૂક્ષ્મ અને મધ્યમ ઉદ્યોગ, કુટીર, ખાદી અને ગ્રામોદ્યોગ, નાગરિક ઉડ્ડયન, શ્રમ અને રોજગાર

૩) અધિક મુખ્ય સચિવશ્રી, કૃષિ વિભાગ

૪) અગ્ર સચિવશ્રી, ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ

૫) સચિવશ્રી, પશુપાલન વિભાગ

૬) સચિવશ્રી, સિંચાઇ વિભાગ

૭) મેનેજિંગ ડિરેક્ટરશ્રી, ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિમિટેડ, વડોદરા.

૮) અધિક સચિવશ્રી (ઊર્જા), ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ

૯) અધિક સચિવશ્રી ઓ.એસ.ડી. (પાવર), ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ

૧૦) શ્રી આર.કે.પટેલ, કિસાન સંઘના પ્રતિનિધિ

૧૧) શ્રી શામજીભાઇ મયાત્રા, કિસાન સંઘના પ્રતિનિધિ

પ્રારંભમાં બેઠકની શરૂઆતમાં માન. મંત્રીશ્રી (ઉર્જા) દ્વારા સૌને આવકારવામાં આવ્યા. ત્યારબાદ ભારતીય કિસાન સંઘના નીચે મુજબના પડતર પ્રશ્નોની ચર્ચા કરવામાં આવી.

<u>મુદ્દા નં.૧</u> <u>મીટર અને હોર્સ પાવરમાં સમાન વીજ દર કરવો.</u>

માર્ચ-એપ્રિલ-૨૦૨૨ના આધારે, કુલ ૧૪,૮૮,૪૯૧ મીટર આધારિત કૃષિ વીજ ગ્રાહકોની સાપેક્ષમાં ૪,૭૪,૯૫૦ કૃષિ વીજ ગ્રાહકોને જો મીટર વગરના કૃષિ વીજ ગ્રાહકોનું ટેરીફ (રૂા.૬૬૫/એચ.પી./પી.એ.) લાગુ કરવામાં આવે તો વધારે લાભ મળતો હતો. દરમિયાનમાં, રાજ્ય સરકાર દ્વારા નવેમ્બર-ડિસેમ્બર-૨૦૨૨ના અંતે મીટરવાળા

કૃષિ વીજ ગ્રાહકોના ફિક્સ્ડ ચાર્જમાં રાહત આપવાના તા.૨૯.૧૦.૨૦૨૨ના ઠરાવથી લેવામાં આવેલ નીતિ વિષયક નિર્ણયથી ઉપરોક્ત ગ્રાહકોની સંખ્યામાં આશે ૪.૭૦ લાખ ગ્રાહકોને મીટર આધારિત ટેરીફથી વધારે લાભ મળે છે. આમ, રાજ્યના ફક્ત ૭૬૯૪ કૃષિ વીજ ગ્રાહકોને મીટર વગરના કૃષિ વીજ ગ્રાહકોનું ટેરીફ (રૂ.૬૬૫/એચ.પી./વર્ષ) લાગુ કરવામાં આવે તો વધારે લાભ મળે છે.

આ બાબતે ઇલેક્ટ્રિસીટી એક્ટ-૨૦૦૩ની જોગવાઇ પ્રમાણે મીટર વગરના વીજ જોડાણ આપવાની જોગવાંઇ નથી અને નવા વીજ જોડાણો મીટર આધારિત જ આપવાની જોગવાઇ છે. આમ, ટેકનીકલી કન્વર્ઝન શક્ય નથી.

આ મુદ્દે ભારતીય કિસાન સંઘ પુનઃવિચારણા કરીને વળતી જાણ અત્રે કરશે. ત્યારબાદ સમિતિ સમક્ષ ફરીથી રજૂ કરાશે તેમ નક્કી કરવામાં આવ્યું.

મુદ્દા નં.૨ <u>બોરવેલ પર જો વીજ મીટર બળી જાય તો તેની જવાબદારી વીજ કંપનીની રહેવા બાબત.</u>

મીટર બળી જાય તો તુરત જ ખેડૂતે તેની જાણ સંબંધિત વીજ વિતરણ કંપનીની પેટા વિભાગીય કચેરીને કરવાની રહેશે. લેબ ટેસ્ટીંગનો રિપોર્ટ આવે ત્યાં સુધી ખેડૂત પાસેથી મીટરનો ચાર્જ વસૂલ ન કરવો તેમજ લેબમાં ઝડપથી મીટર ટેસ્ટીંગ કરાવવા બાબતે ચર્ચા કરવામાં આવી.

માન.મંત્રીશ્રી દ્વારા અત્યાર સુધીમાં આ પ્રકારના કેટલા કેસો થયા છે? તે બાબત અંગે પૃચ્છા કરવામાં આવી.

મુદ્દા નં.૩ <u>VDS યોજના ફરીથી લાગુ કરવા બાબતે.</u>

સમિતિ દ્વારા કિસાન સંઘની રજૂઆત અન્વયે વિચારણા હાથ ધરવામાં આવી અને ફિક્સ કનેક્શન ચાર્જ નહીં લેવા બાબતે કમિટી દ્વારા સકારાત્મક અભિગમ અપનાવી આ બાબતે GUVNL પાસેથી વિગતવાર દરખાસ્ત મંગાવવાનું નક્કી કરવામાં આવ્યું.

મુદ્દા નં.૪ <u>કિસાન સૂર્યોદય યોજના (દિવસે વીજળી) તત્કાલ સમગ્ર ગુજરાતમાં અમલ કરવો.</u>

કિસાન સૂર્યોદય યોજના અંતર્ગત હાલમાં આશરે ૫,૫૦૦ ગામોને આવરી લેવામાં આવેલ છે. બાકી રહેલા ગામોમાં આ યોજના અંતર્ગત દિવસે વીજળી પૂરી પાડી શકાય તે હેતુથી નવીન સબસ્ટેશન અને વીજ રેષાઓની સુદ્રઢીકરણની કામગીરી હાથ ધરવામાં આવેલ છે જે પ્રગતિ હેઠળ છે. તેમજ, આવનારા દિવસોમાં સૌર ઊર્જાના મહત્તમ

ઉત્પાદન થકી વીજળીનું ઉત્પાદન શક્ય તેટલું વધારી જેમ જેમ સોલર જનરેશન પ્લાન્ટ કાર્યાન્વિત થશે તેમ તેમ તબક્કાવાર કિસાન સૂર્યોદય યોજનાનું અમલીકરણ કરવામાં આવશે તેવી ચર્ચા કરવામાં આવી.

મુદ્દા નં.૫ સ્કાય યોજના ફરીથી લાગુ કરવી. જેથી ખેડૂતોને આવક થશે અને સરકારની સરાહના થશે.

સ્કાય યોજના બંધ થઇ ગયેલ હોવાથી આ બાબતે કેન્દ્ર સરકારની પી.એમ.-કુસુમ યોજનાનો લાભ વધુમાં વધુ કેવી રીતે લઇ શકાય તે માટે અલગથી આયોજન હાથ ધરવામાં આવશે તેવી ચર્ચા થઇ. તેમજ, ભારતીય કિસાન સંઘ દ્વારા જણાવવામાં આવ્યું કે, ખેડૂત મિત્રો ૪૦ ટકા ફાળો ભરવા માટે તૈયાર છે અને ડ્રિપ ઇરિગેશન તેમજ ગ્રાઉન્ડ વોટર હાર્વેસ્ટિંગ સિસ્ટમ લગાવવા પણ સંમત છે.

મુદ્દા નં.૬ પશુપાલકોના તબેલા ઉપરના વીજ કનેક્શન કોમર્શીયલ ભાવ ન ગણતાં રાહત દરે વીજળી આપવી.

પશુપાલકોના તબેલાને રહેઠાણનો વીજ દર લાગુ પાડવાની રજૂઆત સંદર્ભે ૩૦ વયસ્ક દૂધાળા પશુઓની સંખ્યા સુધી વીજ કનેક્શન માટે રહેઠાણનો વીજ દર લાગુ પાડવો.

મુદ્દા નં.૭ ખેતીવાડીમાં ૬૫૭ પરિપત્ર મુજબ જે ખેડૂતોએ લોડ વધારો કરેલ છે. જે ૧૦૦ કિલોવોટથી ઉપર ખેડૂતોને ૨૦૦ ટીસી ખેતીવાડી ભાવે મંજૂર કરવું.

ટેકનિકલ પેરામીટર્સનો અભ્યાસ કર્યા બાદ શક્યતા ચકાસવામાં આવશે અને પ્રશ્નોનો સકારાત્મક નિરાકરણ લાવવામાં આવશે તેવી ચર્ચા કરવામાં આવી.

મુદ્દા નં.૮ સમગ્ર ગુજરાતમાં બાગાયતનું વાવેતર છે તેવા ખેતીવાડી વિસ્તારમાં કેબલ લાઇન નાંખવી.

બાગાયતી પાકના વિસ્તારોમાં જે તે વિસ્તારની સમસ્યા અંગે વિગતવાર ચર્ચા કરવામાં આવી અને પ્રસ્તુત બાબતે પ્રશ્નોનો નિરાકરણ લાવવા સારું આર.ડી.એસ.એસ. યોજના અન્વયે ટેકનિકલ શક્યતાઓ ચકાસવામાં આવશે.

મુદ્દા નં.૯ ટ્રેક્ટર અને ટ્રોલીને બળદગાડાની માન્યતા આપવી. ટેક્ષ દૂર કરવો.

ટ્રેક્ટર એ પાવર સંચાલિત મલ્ટીપરપઝ સાધન છે જ્યારે બળદગાડા પશુ સંચાલિત સાધનોમાં આવતું હોઇ, ટ્રેક્ટરને બળદગાડાનો દરજ્જો આપી શકાતો નથી એ બાબતે ચર્ચા થઇ.

મુદ્દા નં.૧૦ સને ૨૦૧૯-૨૦નો મંજૂર થયેલ પાક વીમો સત્વરે ચૂકવી ખેડૂતોને ન્યાય આપવો.

સને ૨૦૧૯-૨૦નો પાક વીમો મંજૂર થયેલ છે તો સત્વરે ચૂકવણી બાબતે જણાવવાનું કે, પ્રધાનમંત્રી ફસલ વીમા યોજના અંતર્ગત દાવાઓની ચૂકવણી યોજનાની ગાઇડલાઇનની જોગવાઇઓ મુજબ કરવામાં આવે છે. જે મુજબ ખરીફ-૨૦૧૯ અંતર્ગત ગુજરાત રાજ્યમાં વીમા કંપની દ્વારા રૂા.૧૧૧.૬૮ કરોડના દાવાઓ ચૂકવવામાં આવેલ છે. ઉપરાંત ગુજરાત રાજ્યમાં વીમા કંપની દ્વારા જુદા જુદા જોખમ માટે વાંધાઓ ઉપસ્થિત કરેલ હોય જે બાબતની કાર્યવાહી પ્રગતિમાં છે. વધુમાં સંબંધિત વીમા કંપનીને યોજનાની ગાઇડલાઇન મુજબ ચૂકવવા પાત્ર દાવા સત્વરે ચૂકવવા અત્રેથી તેમજ વિવિધ કક્ષાએથી પત્રોથી તથા સમીક્ષા બેઠકોમાં સૂચનાઓ દ્વારા જણાવવામાં આવેલ છે તથા દાવા ચૂકવણી સત્વરે થાય તે હેતુસરની કાર્યવાહી ચાલુ છે. જે વિગતોથી સૌને માહિતગાર કરવામાં આવ્યા.

ઉપર્યુક્ત મુદ્દાઓ પરત્વે કરવાની થતી આગળની કાર્યવાહી સારું સંબંધિતોએ જરૂરી વિચારણા અને મંજૂરી સારું દરખાસ્ત રજૂ કરવાની રહેશે.

ત્યારબાદ સર્વેનો આભાર માની બેઠક પૂર્ણ જાહેર કરવામાં આવી.

***********************